GJSR010068092024

રજુ તા. ૦૭–૦૬–૨૦૨૪

દાખલ તા.૦૭–૦૬–૨૦૨૪

ફેંસલ તા. ૨૮–૦૬–૨૦૨૪

**મે. સુરતના બીજા અધિક ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સુરત.**

**ફોજ.પર.જા.અ.નં.૪૨૮૯/૨૦૨૪**
**ફોજદારી કેસ નં.૫૭૦૬૧/૨૦૨૪**
**આંક –**

**અરજદાર/આરોપીઃ** **મુકેશ ઉર્ફે વિકકી ઉર્ફે રફતાર યુવરાજધામુ ખેરનાર.**
ઉ.આ.વ.–૨૭,ધંધો–નોકરી,
રહે.ઘર નં.૧૭૯,શ્રી હરીનગર,સી.આર.પાટીલ
રોડ,ડીંડોલી,સુરત.
હાલ–સુરત જિલ્લા જેલ,લાજપોર,સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ–** **સરકારશ્રી**

**વિષયઃ– ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ અન્વયે જામીન મેળવવાની અરજી...**

**(ડીંડોલી પો. સ્ટે.ગુ.ર.નં.–૧૧૨૧૦૦૫૬૨૪૦૪૧૮/૨૦૨૪)**
**(ઇ.પી.કો.કલમ–૩૦૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ)**

---

**અરજદાર/આરોપી તર્ફે :– વિ.વ.શ્રી જે.એચ.પટેલવાલા.**
**સામાવાળા તર્ફે :– વિ.એ.પી.પી.શ્રી એમ.કે.બ્રહ્મભટ્ટ.**
**વીથ પ્રોસીકયુશન વિ.વ.શ્રી જી.એમ.પાટીલ.**

---

## :-- ચુકાદો :--

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ સી.આર.પી.સી.કલમ-૪૩૯ હેઠળ જામીન ઉપર મુકત થવા માટે કરેલ છે. તેની ટૂંક વિગત જોઇએ તો અરજદાર/આરોપીની સુરત ડીંડોલી પો.સ્ટે.ગુ.ર.નં.-૧૧૨૧૦૦૫૬૨૪ ૦૪ ૧૮/૨૦૨૪, ઈ.પી.કો.કલમ-૩૦૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામે તા.૨૦/૨/૨૦૨૪ ના રોજ અટક કરી મુદત દરમ્યાન હકુમત ધરાવતી વિ.મેજિ.કોર્ટમાં રજુ કરતાં વિ.મેજિ.શ્રીએ અરજદાર/આરોપીને જયુડી.કસ્ટડીમાં મોકલી આપેલ છે ત્યારથી જયુડી. કસ્ટડીમાં છે.

(૨) સદર કામે અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જે.એચ.પટેલવાલાએ એવી દલીલ કરેલ છે કે,ફરિયાદીની ફરિયાદ આધારે અરજદાર/આરોપીની ડીંડોલી પોલીસે ધરપકડ કરેલ છે. ડીંડોલી પોલીસે પોતાની તપાસ પુર્ણ કરી સદર ગુનાનુ ચાર્જશીટ કરેલ છે, જેમાં અરજદાર/આરોપીને આરોપી નં.૬ તરીકે દર્શાવેલ છે. અરજદાર/આરોપીએ સદર કહેવાતા ગુનામાં કોઇ પણ ભાગ ભજવેલ નથી અને તદન નિર્દોષ છે. અરજદાર/આરોપીનો મરનાર કે ઈજા પામનાર સાથે અગાઉ કોઇ ઝધડો કે દુશ્મનાવટ ન હતી. જેથી અરજદાર/ આરોપીએ મરનારને મારવામાં કોઇ ભાગ ભજવેલ નથી અને અરજદાર/આરોપી કનેથી કોઇ પણ હથિયાર રીકવર કે ડીસ્કવર થયેલ નથી. બનાવ સમયે સ્થળ

પર હાજર સાહેદો અર્જુન મોતીલાલ યાદવ અને ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાધનાઓનુ નિવેદન જોતા પણ હાલના અરજદાર/આરોપીએ ગુનામાં કોઇ ભાગ ભજવેલ હોય તેવુ જણાય આવતુ નથી અને અરજદાર/આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. હાલના અરજદાર/આરોપીનો ચાર્જશીટમાં રોલ મરણજનારને પકડી રાખેલાનો છે જેના કારણે અન્ય આરોપીઓએ મરણજનારને હથિયારથી ધા મારેલા છે. અરજદાર/આરોપી અને અન્ય આરોપીઓ મિત્ર હોવાથી સંડોવાયેલા છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ અગાઉ કોઇ ગુનો નોંધાયેલ નથી. અરજદાર/આરોપી ઉપર કુટુંબીજનોની જવાબદારી છે. તેથી અરજીની તમામ હકીકતો ધ્યાનમાં લઇ હાલના અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ આંક-૩ થી દસ્તાવેજી પુરાવાઓની નકલ રજુ કરેલ છે જે વંચાણે લેવા રજુઆત કરેલ છે.

(૩) સદર કામે સરકાર તરફે વાંધા સોગંદનામુ આંક-૪ થી રજુ થયેલ છે તેમજ એ.પી.પી.શ્રીએ દલીલ કરી અરજી સામે વાંધો લઇ જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીનો દોડી આવી મરણજનાર કઇ સમજે કે વિચારે તે પહેલા જ મરણજનારને કોઇ પણ પ્રકારની તક આપ્યા વગર સહઆરોપી સાથે મળી મરણજનારને પકડી મરણજનારની સાથે ઝપાઝપી કરવા લાગેલ તે વખતે તકનો લાભ લઇ સહઆરોપીઓ તલવારો તથા ચપ્પુઓ સાથે મરણજનાર ઉપર એક સામટા તુટી પડી ધાતક હથિયારોથી ધા મરવા લાગેલ તે વખતે

અરજદાર/આરોપી ત્યાંથી નાસી ગયેલ. મરણજનાર અને અરજદાર/આરોપી વચ્ચે પૈસાની લેતી દેતી બાબતે મારામારી થતાં મરણજનારનું મૃત્યુ નિપજાવેલ છે. અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પોતે તથા પોતાના માણસો મારફતે ફરિયાદી/સાહેદોને લલચાવી અથવા કોઇ પણ રીતે નુકશાન કરે તેવી પુરતી સંભાવના છે જો હાલના અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તે નાસી ભાગી જાય તેવી શકયતા છે તેમજ કેસની ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહીં તેવી પાકી શકયતાઓ રહેલ છે. ગુનાની ગંભીરતા તથા પુરાવાને ધ્યાને લઇ અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

વીથ પ્રોસીકયુશન વિ.વ.શ્રીએ આંક-૬ થી મુળ ફરિયાદીનું સોગંદનામુ અને આંક-૭ થી દસ્તાવેજી પુરાવાઓનું લિસ્ટ રજુ થયેલ છે જે ધ્યાને લેવા રજુઆત કરેલ છે.

(૪) સદર કામે બંને પક્ષોની દલીલો, અરજી, તપાસ પેપર્સ વંચાણે લેવામાં આવ્યા. આ કામે ફરિયાદ હકીકત તેમજ પોલીસ પેપર્સ જોતાં જણાય આવે છે કે, અરજદાર/આરોપી સામે ગંભીર ગુનાનો આરોપ છે. હાલના અરજદાર/ આરોપીએ મરણજનારને પકડી રાખી અન્ય આરોપીઓએ હથિયારથી માર મારેલ છે. આમ, મરણજનારને પકડી રાખવામાં હાલના અરજદાર/આરોપીએ ભુમિકા ભજવેલ છે. અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોને ધાક-ધમકી આપી કેસને નુકશાન પહોંચાડે તેમ છે. આરોપી સામે ખૂન જેવા ગંભીર ગુનાનો આરોપ છે અને આ ગુનામાં આરોપીની

સક્રિય ભુમિકા છે. આ ગુનાની હાલમાં તપાસ ચાલુ છે. આમ,અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય પુરાવા જણાય આવે છે ત્યારે ગુનાની ગંભીરતા જોતાં અરજદાર/આરોપીની તરફેણમાં ન્યાયિક વિવેક બુધ્ધિ વાપરવી યોગ્ય જણાતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :-- <u>હુકમ</u> :--

અરજદાર/આરોપી–મુકેશ ઉર્ફે વિક્કી ઉર્ફે રફતાર યુવરાજધામુ ખેરનારની સુરત ડીંડોલી પો. સ્ટે.ગુ.ર.નં.–૧૧૨૧૦૦૫૬૨૪૦૪૧૮/૨૦૨૪, ઇ.પી.કો.કલમ–૩૦૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનામાંથી જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજુર યાને રદ્ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૮મી, માહે –જૂન, સને– ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮.૦૬.૨૦૨૪.
સુરત.
KPP

( રાકેશ રજનીકાંત ભટ્ટ)
બીજા અધિક સેશન્સ જજ, સુરત.
Code No. G.J.00608.